# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 05-04-2024 Morning : 7.45 to 7.55

Day : Friday National News

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

***************************************************

- લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.
- ચૂંટણી પંચ ગત ચૂંટણીમાં મતદાનની ટકાવારી સૌથી ઓછી હતી તેવા 11 રાજ્યોના જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ અને મહાનગરપાલિકા કમિશનરો સાથે આજે બેઠક કરશે.
- RBI આજે નાણાકીય વર્ષ 2024-25ની તેની પ્રથમ દ્વિ- માસિક નાણાકીય નીતિ જાહેર કરશે.
- WTT ફીડર ટેબલ ટેનિસ સ્પર્ધામાં ચાર ભારતીય ખેલાડીઓ બીજા રાઉન્ડમાં પ્રવેશ્યા છે
- IPLમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગઈકાલે રમાયેલી મેચમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને 3 વિકેટે હરાવ્યું. - આજે હૈદરાબાદ અને ચેન્નાઈ વચ્ચે મુકાબલો થશે.

***************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# SECOND PHASE

લોકસભાની 12 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની 88 બેઠકોની આગામી 26મી એપ્રિલે યોજાનારી ચૂંટણી માટે ભરાયેલા ઉમેદવારી પત્રોની આજે ચકાસણી થશે.

જોકે જમ્મુ અને કાશ્મીરની બેઠક માટેના ઉમેદવારીપત્રોની ચકાસણી છઠ્ઠી એપ્રિલે હાથ ધરાશે.

26મી એપ્રિલે યોજાનારી બીજા તબક્કાની ચૂંટણીમાં કેરળની લોકસભાની 22, કર્ણાટકની 14, રાજસ્થાનની 13, ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્રની દરેકની આઠ આઠ, મધ્યપ્રદેશની સાત, આસામ અને બિહારની દરેકની પાંચ, પશ્ચિમ બંગાળ અને છત્તીસગઢમા 3-3 જ્યારે મણિપુર, ત્રિપુરા અને જમ્મુ કાશ્મીરની દરેકની એક બેઠકની ચૂંટણી યોજાશે. મતગણતરી આગામી ચોથી જૂને હાથ ધરાશે.

------------------------

રિપીટ (સાંજની)

# SONIA-GANDHI-RS-OATH

કોંગ્રેસના વરિષ્ઠ નેતા સોનિયા ગાંધી અને કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે ગઈકાલે રાજ્યસભાના સાંસદ તરીકે શપથ લીધા હતા. રાજ્યસભાના અધ્યક્ષ જગદીપ ધનખડે તેમને શપથ લેવડાવ્યા હતા.

12 અન્ય નવા ચૂંટાયેલા રાજ્યસભા સાંસદોએ પણ શપથ લીધા. જેમાં ભારતીય જનતા પાર્ટીના આરપીએન સિંહ, જનતા દળ યુનાઈટેડના સંજય કુમાર ઝા અને કોંગ્રેસના અજય માકનનો સમાવેશ થાય છે..

------------------------

રિપીટ (સાંજની)

# ICG SAMUDRA - VIETNAM

ભારતીય તટરક્ષક દળ ICG પ્રદૂષણ નિયંત્રણ જહાજ સમુદ્ર પહેરેદારને વિયેતનામના હો ચી મિન્હમાં વિયેતનામ તટરક્ષક દળ સાથે દરિયાઈ તેલ પ્રદૂષણ પ્રતિસાદ અંગે સંયુક્ત કવાયત હાથ ધરી છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, ICG એ જણાવ્યું હતું કે તાલીમ દરમિયાન, જહાજના પ્રદૂષણ પ્રતિભાવ સાધનોનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જે આસિયાન ક્ષેત્રમાં દરિયાઇ પ્રદૂષણ માટે વહેંચાયેલ પ્રતિસાદ માટે ભારતીય તટરક્ષક દળના સંકલ્પને દર્શાવે છે. તેણે એમ પણ કહ્યું કે ICG સુરક્ષિત અને સ્વચ્છ મહાસાગરો માટે તેની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરે છે.

ત્રણ દિવસની મુલાકાત દરમિયાન, જહાજના ક્રૂએ દરિયાઈ પ્રદૂષણની પ્રતિક્રિયા, દરિયાઈ શોધ અને બચાવ અને દરિયાઈ કાયદાના અમલીકરણ પર વ્યાવસાયિક વાટાઘાટો કરી હતી. પ્રવૃત્તિઓમાં ક્રોસ-ડેક તાલીમ, વિષયના નિષ્ણાતોની આપ-લે, રમતગમતની ઘટનાઓ અને વિયેતનામ કોસ્ટ ગાર્ડ સાથે પેસેજ કસરતનો પણ સમાવેશ થાય છે.

------------------------

પુલ, જયેશ વેગડા

# CONGRESS GUJARAT LIST

કોંગ્રેસે આગામી લોકસભા ચૂંટણી માટે ગુજરાતમાંથી ત્રણ ઉમેદવારોની વધુ એક યાદી જાહેર કરી છે. પાર્ટીએ વડોદરા બેઠક પરથી જશપાલસિંહ પઢિયાર, જૂનાગઢથી હીરાભાઈ જોટવા અને સુરેન્દ્રનગરથી રૂત્વિકભાઈ મકવાણાને મેદાનમાં ઉતાર્યા છે.

-------------------------

પુલ, જયેશ વેગડા

# TABLE TENNIS- WTT VARAZDIN

ટેબલ ટેનિસમાં ચાર ભારતીય ખેલાડીઓ ક્રોએશિયામાં WTT ફીડર વરઝદિન ઇવેન્ટના બીજા રાઉન્ડમાં પહોંચ્યા. પુરુષ સિંગલ્સમાં જી સાતીયાને જર્મનીના ફેલિક્સ વેટ્ઝેલને 3-1થી પરાજય આપ્યો હતો જ્યારે સ્નેહિત સુરવાજ્જુલાએ કઝાકિસ્તાનના સાઝાર ઝુબાનોવને 3-0થી હરાવ્યો હતો.

હરમીત દેસાઈએ પુરુષ સિંગલ્સના પ્રથમ રાઉન્ડમાં પણ જીત મેળવી હતી. તેણે રાઉન્ડ ઓફ 64માં દક્ષિણ કોરિયાના ચો કિજોંગને 3-1થી હરાવ્યો. મહિલા સિંગલ્સમાં ભારતની યશસ્વિની ઘોરપડેએ પણ રાઉન્ડ ઓફ 64માં ક્રોએશિયન ખેલાડી માતેજા જેગરને 3-0થી હરાવીને આગલા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન, જી. સાંતીયાન અને મનિકા બત્રાની સ્ટાર જોડી આજે પ્રી-ક્વાર્ટર્સમાં મિક્સ્ડ ડબલ્સમાં સ્લોવાકિયાની લુબોમિર પિસ્તેજ અને બાર્બોરા બાલાઝોવા સામે ટકરાશે.

------------------------

પુલ, જયેશ વેગડા

# ASSAM-NOMINATION

આસામમાં બીજા તબક્કાના મતદાન માટે 65 ઉમેદવારોએ ઉમેદવારી પત્રો ભર્યા છે. આ તબક્કામાં રાજ્યની પાંચ બેઠકો પર મતદાન થશે.

આજે ઉમેદવારીપત્રોની ચકાસણી કરવામાં આવશે. આસામના પરિવહન અને આબકારી મંત્રી પરિમલ સુક્લાબૈદ્ય, સાંસદ કૃપાનાથ મલ્લાહ અને દિલીપ સૈકિયા ભાજપ તરફથી મેદાનમાં છે.

કોંગ્રેસે નૌગાંવ બેઠક પરથી સાંસદ પ્રદ્યુત બોરદોલોઈને ફરીથી ઉમેદવાર બનાવ્યા છે, જ્યારે બોડોલેન્ડ પીપલ્સ ફ્રન્ટે બીજા તબક્કામાં ધારાસભ્ય દુર્ગા દાસ બોરોને ટિકિટ આપી છે. AIUDF અને તૃણમૂલ કોંગ્રેસે પણ બીજા તબક્કાની ચૂંટણીમાં પોતાના ઉમેદવારો ઉભા રાખ્યા છે.

------------------------

પુલ, જયેશ વેગડા

# REV. EC- MEETING DEOs

ચૂંટણી પંચ ગત ચૂંટણીમાં મતદાનની ટકાવારી સૌથી ઓછી હતી તેવા 11 રાજ્યોના જિલ્લાઓના ચૂંટણી અધિકારીઓ અને મહાનગરપાલિકા કમિશનરો સાથે બેઠક કરશે.

નવી દિલ્હીમાં યોજાનારી આ બેઠકમાં મતદાનની ટકાવારી વધારવાના ઉપાયો પર ચર્ચા કરવામાં આવશે. દેશના અમુક શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ઓછા મતદાનના મુદ્દાને ઉકેલવા માટે લક્ષિત અને ચોક્કસ કાર્ય યોજનાઓ તૈયાર કરવામાં આવશે. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, આ સંમેલનમાં દિલ્હી, મુંબઈ, ચેન્નાઈ, બેંગલુરુ, હૈદરાબાદ, અમદાવાદ, પુણે, થાણે, નાગપુર, પટના સાહિબ, લખનઉ અને કાનપુરના મ્યુનિસિપલ કમિશનરો તેમજ બિહાર તથા ઉત્તરપ્રદેશના પસંદગીના જિલ્લા ચૂંટણી અધિકારીઓ હાજર રહેશે. આ સંમેલનની અધ્યક્ષતા મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર, ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ કરશે. શ્રી કુમારે ઘણી વખત શહેરી ઉદાસીનતા અને ગ્રામીણ વિસ્તારોમાંથી સ્થળાંતરના પડકારને ઓછી સહભાગિતાના કારણો તરીકે દર્શાવ્યા છે.

------------------------

પુલ, જયેશ વેગડા

# MP-ELECTION UPDATE

મધ્યપ્રદેશમાં લોકસભા ચૂંટણીના બીજા તબક્કા માટે 109 ઉમેદવારોએ કુલ 157 ઉમેદવારી પત્રો ભર્યા છે. બીજા તબક્કામાં રાજ્યની સાત બેઠકો પર 26 એપ્રિલે મતદાન થશે.

-------------------------

પુલ, જયેશ વેગડા

# MEA

વિદેશ મંત્રાલયે કહ્યું છે કે, ભારત અને ઈઝરાયેલની સરકારો વચ્ચે થયેલા એક કરાર હેઠળ કામદારોની પ્રથમ બેચ ઈઝરાયેલ ગઈ છે.

આજે નવી દિલ્હીમાં મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત તેમની સુરક્ષા પ્રત્યે સભાન છે અને તેમણે ઇઝરાયેલના વહીવટીતંત્રને તેમની સુરક્ષા અને કલ્યાણની ખાતરી કરવા વિનંતી કરી છે. બંને દેશો વચ્ચે મુવમેન્ટ સમજૂતી કરાર હેઠળ ભારતીય કામદારો ઈઝરાયેલ ગયા છે. આ સમજૂતી પ્રદેશમાં ચાલી રહેલા યુદ્ધ પહેલા થઈ હતી. શ્રી જયસ્વાલે કહ્યું કે, ભારત પહેલી એપ્રિલે સીરિયામાં ઈરાનના રાજદ્વારી પરિસર પર ઈઝરાયેલના હુમલાથી ચિંતિત છે. તેમણે કહ્યું કે, ભારત પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ અને તેના કારણે હિંસા અને અસ્થિરતામાં વધારો થવાની સંભાવનાને લઈને વ્યથિત છે. ભારતે તમામ પક્ષોને આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ સ્વીકૃત સિદ્ધાંતો અને નિયમોની વિરુદ્ધ હોય તેવા પગલાં ન લેવા વિનંતી કરી છે. અરુણાચલ પ્રદેશ પર ચીનના દાવા અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે, અરુણાચલ પ્રદેશ ભારતનો અભિન્ન અંગ છે અને રહેશે.

ભારત-બાંગ્લાદેશ સંબંધો અંગે તેમણે કહ્યું કે, બંને વચ્ચે દ્વિપક્ષીય સંબંધો ગાઢ છે. શ્રી જયસ્વાલે કહ્યું કે બંને દેશો વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં એકંદરે ભાગીદારી છે. તાઈવાન ભૂકંપમાં બે ભારતીયો ગુમ થયાના સમાચાર અંગે શ્રી જયસ્વાલે કહ્યું કે, તેઓ હવે સુરક્ષિત છે અને તેમની સાથે સંપર્ક કરવામાં આવ્યો છે.

------------------------

આકાશવાણી વેબ /જયેશ વેગડા

# IPL CRICKET RESULT

IPLમાં આજે હૈદરાબાદના રાજીવ ગાંધી ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં સનરાઈઝર્સ હૈદરાબાદ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે સાંજે સાડા સાત વાગે મુકાબલો થશે.

દરમ્યાન ગઇકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પંજાબ કિંગ્સે ગુજરાત ટાઇટન્સને ત્રણ વિકેટે હરાવ્યું હતું. પંજાબે 200 રનનો લક્ષ્યાંક 19 ઓવર અને 5 બોલમાં 7 વિકેટ ગુમાવીને હાંસલ કર્યો હતો. પંજાબ માટે શશાંકસિંહ 61 રન બનાવીને અણનમ રહ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઇટન્સે કેપ્ટન શુભમન ગિલના 48 બોલમાં અણનમ 89 રનની મદદથી નિર્ધારિત 20 ઓવરમાં ચાર વિકેટે 199 રન બનાવ્યા હતા. પંજાબ તરફથી કાગીસો રબાડાએ બે વિકેટ ઝડપી હતી. શશાંક સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

-----------------------

પુલ, જયેશ વેગડા

# ISRAEL-EREZ CROSSING

ઇઝરાયેલની સુરક્ષા કેબિનેટે ગાઝામાં વધુ માનવતાવાદી સહાયની પહોંચની મંજૂરી આપવા માટે ઇરેઝ ક્રોસિંગને ફરીથી ખોલવાની મંજૂરી આપી છે. ઇરેઝ ક્રોસિંગ, જેને બીટ હનુન તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ઇઝરાયેલ અને ઉત્તરી ગાઝા પટ્ટી વચ્ચેનું સરહદ ક્રોસિંગ છે. ગત વર્ષે 7મી ઑક્ટોબરે પેલેસ્ટિનિયન જૂથ હમાસ દ્વારા કરવામાં આવેલા આતંકવાદી હુમલા પછી તેને પ્રથમ વખત ફરીથી ખોલવામાં આવી રહ્યું છે. કેબિનેટે ગાઝામાં વધુ સહાય મોકલવા માટે ઇઝરાયલી બંદર અશદોદ બંદરનો ઉપયોગ કરવાની પણ મંજૂરી આપી છે.

અગાઉ, ઇઝરાયલે તમામ સરહદી ક્રોસિંગ પર નિયંત્રણ કડક બનાવ્યું હતું અને ગાઝા જવા અને જવાના તમામ હવાઈ અને દરિયાઈ માર્ગો બંધ કરી દીધા હતા. ઇરેઝ અને કેરેમ શાલોમ ક્રોસિંગ યુદ્ધ શરૂ થયા પહેલા ઉપયોગમાં લેવાતા હતા. ઇઝરાયેલે આ નિર્ણય અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડન અને ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહુએ ફોન પર ગાઝાની પરિસ્થિતિ પર કરેલી વાતચીત કર્યા પછી લીધો છે.

સંયુક્ત રાષ્ટ્રે તેનું સ્વાગત કર્યું છે. યુએન સેક્રેટરી-જનરલના પ્રવક્તા સ્ટીફન દુજારિકે કહ્યું કે આ એક સકારાત્મક પગલું છે પરંતુ તેને કેવી રીતે લાગુ કરવામાં આવે છે તે જોવાનું બાકી છે. તેમણે કહ્યું કે માનવતાના આધાર પર યુદ્ધવિરામ અને યુદ્ધથી તબાહ ગાઝા પટ્ટીમાં મોટા પાયે સહાય પહોંચાડવાની જરૂર છે.

-----------------------

પુલ, સંસ્કૃતિ

# ICG

ભારતીય તટરક્ષક દળે ચેન્નાઈથી 95 નોટિકલ માઈલ દૂર આઠ માછીમારોને બચાવ્યા. બચાવ અભિયાન દ્વારા ગઇકાલે 10માંથી 8 માછીમારોને જીવતા બચાવી લેવાયા હતા. તટરક્ષક દળે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ગુમ થયેલા માછીમારોની શોધ ચાલુ છે.

-----------------------

વેબ, જયેશ વેગડા

# BI-MONTHLY RBI-POLICY

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) આજે નાણાકીય વર્ષ 2024-25ની તેની પ્રથમ દ્વિ-માસિક નાણાકીય નીતિ જાહેર કરશે.

રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસના વડપણ હેઠળની મોનેટરી પોલિસી કમિટી (MPC) એ બુધવારે તેની 3 દિવસીય ચર્ચા શરૂ કરી હતી. MPCની બેઠકમાં લેવાયેલા નિર્ણયની આજે જાહેરાત કરવામાં આવશે. નાણાકીય વર્ષ 2024-25 માટે કુલ છ MPC બેઠકો નક્કી કરવામાં આવી છે જે આ મહિનાની પહેલી તારીખે શરૂ થઈ છે.

અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે, મધ્યસ્થ બેંક ફરી એકવાર મુખ્ય વ્યાજ દર યથાવત રાખશે અને ફુગાવા નિયંત્રણ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. છેલ્લી વખત, RBIએ ફેબ્રુઆરી 2023 માં રેપો રેટ વધારીને 6.5 ટકા કર્યો હતો અને ત્યારથી તેણે તેની છેલ્લી છ દ્વિ-માસિક નીતિઓમાં સમાન સ્તરે દર જાળવી રાખ્યો છે.

-----------------------

પુલ, જયેશ વેગડા

# AKASHVANI DD

આગામી લોકસભા ચૂંટણી માટે આકાશવાણી અને દૂરદર્શન પર માન્યતા પ્રાપ્ત રાષ્ટ્રીય પક્ષોને પ્રસારણ માટે સમય ફાળવવાની કાર્યવાહી ગઇકાલે રંગ ભવન, નવી દિલ્હી ખાતે યોજાઈ હતી.

દરેક રાષ્ટ્રીય પાર્ટીને આકાશવાણી અને દૂરદર્શન પર 45-45 મિનિટ આપવામાં આવશે. છ રાષ્ટ્રીય પક્ષોને પણ વધારાનો સાડા પાંચ કલાકનો પ્રસારણ સમય આપવામાં આવ્યો છે. જે મુજબ આ પ્રસારણ આ મહિનાની 16મી અને 23મી તારીખે અને આવતા મહિનાની 3જી, 10મી, 17મી, 22મી અને 29મી તારીખે કરવામાં આવશે.

------------------------

વેબ, જયેશ વેગડા